ગાંધીનગર સમાચાર

શહેરમાં સુકા વૃક્ષો કાપવા માટે દિવાળી બાદ ઝુંબેશ હાથ ધરાશે

આજે ધનતેરસ

ધન પુજાનુ વિશેષ મહત્વ : ધન શુધ્ધ કે અશુધ્ધ જોવાનો મોકો

ગાંધીનગર તા ૨૭

દિપાવલી પર્વના દિવસોનો મંગલમય પ્રારંભ થઈ ગયો છે. ત્યારે નગરજનો દિવાળીના પર્વના દિવસોને વધાવવા માટે ઉત્સુક જોવા મળી રહયા છે. ભારતીય સંસ્કૃતિમાં વિવિધ પર્વોનુ અનોખુ મહત્વ છે. જયારે પર્વોના રાજા સમાન દિવાળીમાં પ્રત્યેક દિવસ આધ્યાત્મિક ઉર્જા જાગૃત કરવાની સાથે ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ બયાન કરે છે. વાઘ બારસની ઉજવણીમાં જેમ ગૌ રક્ષાનુ મહાત્મય છે. તેમ ધનતેરસના દિવસે ધનની પુજા કરી નગરજનો ધન્યતા અનુભવે છે. આમ નાગરિકો નાના મોટા વેપારીઓ સહીત ઉદ્યોગ પતિઓ પણ ધનતેરસના દિવસે ધનપુજા કરી લક્ષ્મીજીની કૃપા મેળવવા માટે પ્રાર્થના કરે છે. લક્ષ્મી પુજન કરવાનો અનેરો મહીમા છે. ધનતેરસના દિવસે ધનની પુજા થાય આ અંગે નગરના ધર્માચાર્ય કુલશંકર શાસ્ત્રીજીએ જણાંવ્યુ હતુ કે ધનતેરસના દિવસે ધનવંતરી ભગવાનનો જન્મદિવસ પણ છે. ધનતેરસે ધનની પુજાની સાથે પોતાની પાસે રહેલુ ધન શુધ્ધ છે કે અશુધ્ધ તે જોવાનો પણ મોકો આ દિવસે જ મળે છે. એકરીતે ધન સારા રસ્તે આવે અને યોગ્ય રીતે ખર્ચ થાય તે પણ એટલુ જ મહત્વનુ છે.ધનતેરસના દિવસે યમરાજાને દિપ પ્રગટાવી યમ દિપ દાન કરવાનો પણ અવસર છે. દિવાળી પર્વના દિવસોમાં તેરસ ચૌદશ અમાસ દિવસોમાં ગૌત્રાદ નામનુ વ્રત શરૂ થાય છે ખાસ કરીને બહેનો આ વ્રત કરે છે. જેની પાછળ ગૌ રક્ષાનો ઉદેશ હોય છે.

ગૃહ સુશોભન - દિપાવલીના આગમન સાથે જ ગૃહ સુશોભન બજારમાં ઠેર ઠેર ગોઠવાયા છે... અતિથિને આવકારવા રંગબેરંગી તોરણો અને ઘરમંદિરના સુશોભન માટે પવિત્રા પણ મોટી માત્રા બજારમાં જોવા મળે છે... ગૃહિણીઓ દર વર્ષે ઘર અને ભગવાન માટેના સુશોભનો બદલવાની પરંપરા જાળવે છે...

શહેરમાં સુકા વૃક્ષો કાપવા માટે દિવાળી બાદ ઝુંબેશ હાથ ધરાશે

અગાઉ ચોમાસા પુર્વે ૧ હજાર જેટલા સુકા વૃક્ષો દુર કરાયા હતા હજુ પણ ૫૦૦ જેટલા સુકા વૃક્ષોનુ અસ્તિત્વ હોવાનો અંદાજ

ગાંધીનગર તા ૨૭

શહેરમાં સુકાયેલા વૃક્ષો દુર કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. ચોમાસા પુર્વે શહેરમાંથી ૧ હજાર જેટલા સુકાયેલા વૃક્ષો દુર કરવામાં આવ્યા હતા. જયારે હજુ પણ સેકટરોમાં સુકાયેલા ભયજનક વૃક્ષોની સંખ્યા વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે વનતંત્ર દ્વારા આવા વૃક્ષોનુ માર્કીંગ શરૂ કરી દેવાયુ છે. દિવાળી બાદ આ વૃક્ષોની કટોતી શરૂ કરી દેવામાં આવશે.

હરિયાળા નગરમાં શહેરના મુખ્ય માર્ગો આસપાસ વૃક્ષોની કતાર જોવા મળે છે. જયારે સેકટરોમાં પણ હરિયાળા વૃક્ષોની વનરાજી જોવા મળે છે. હાલ શહેરમાં લાંબા સમયના અંતે વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. જયારે સુકાયેલા ભયજનક વૃક્ષો હજુ પણ અસ્તિત્વ ધરાવતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ચોમાસા પુર્વે શહેરમાં સુકાયેલા વૃક્ષો દુર કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. જેના અંતે શહેરમાંથી ૧ હજાર જેટલા સુકાયેલા વૃક્ષો કાપવામાં આવ્યા હતા. સુકાયેલા વૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેમ હોવાથી અનેકરીતે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. ત્યારે આમ નાગરિકોની માથે જળુંબતા ખતરાને નિવારવા માટે વનતંત્ર દ્વારા સુકા વૃક્ષોની કટોતી હાથ ધરવામાં આવે છે. હાલ પણ સુકાયેલા વૃક્ષોની સંખ્યા વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે વનતંત્ર દ્વારા ફરીએકવાર સુકા વૃક્ષોના નિકાલ માટે સર્વેહાથ ધરવામાં આવ્યો છે. જે અન્વયે હાલ સેકટરોમાં સુકાયેલા વૃક્ષોનુ માર્કીંગ કરવામાં આવી રહયુ છે. જયારે આગામી દિવસોમાં માર્કીંગની કામગીરી પુર્ણ થયા બાદ સુકાયેલા વૃક્ષો કાપી નાંખવામાં આવશે. શહેરમાં હાલની સ્થિતિએ ૫૦૦ જેટલા સુકા વૃક્ષોનુ અસ્તિત્વ હોવાનુ પણ મનાય છે. ત્યારે સુકાયેલા વૃક્ષોને કાપી તેના ઠેકાણે નવા વૃક્ષો ઉછેરવા માટે પણ આયોજન કરવામાં આવશે. વધુમાં દિવાળી બાદ આગામી ચોમાસાને અનુલક્ષી વાવેતર માટે આગોતરી તૈયારીઓના ભાગરૂપે ખાડાઓ ખોદવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે.

સે. ૨૨, ૨૯ અને ૫ માંથી ડેન્ગ્યુ પોઝીટીવના કેસ મળ્યા

શહેરમાં ડેન્ગ્યુના કેસોની સંખ્યા ૮૩ પર પહોંચી : છુટાછવાયા કેસો વધુ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૭

છેલ્લા બે દિવસમાં ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના વધુ ૩ કેસ નોંધાયા છે. આ ૩ કેસ સાથે શહેરમાં ડેન્ગ્યુના કેસોની સંખ્યા ૮૩ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૨, ૨૯ અને ૫ માંથી એક-એક કેસ મળી આવેલ છે. જેમાં બે પુરૂષ દર્દી અને એક મહિલા દર્દી છે. આ ત્રણેય દર્દી હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

સે. ૨૨માં છ-ટાઈપના ક્વાટર્સમાં ડેન્ગ્યુનો પોઝીટીવ કેસ નોંધાયેલ છે. આ અગાઉ પણ ડેન્ગ્યુના આ સેક્ટરમાં બે થી ૩ કેસ મળી આવ્યા હતા જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર શહેરમાં દિવાળી પર્વ નજીકમાં છે ત્યારે ડેન્ગ્યુના વધતા જતા કેસોને પગલે લોકોમાં ગભરાટની લાગણી પ્રસરી જવા પામી છે.

તંત્ર દ્વારા મળી આવેલા આ દર્દીઓના રહેણાંકની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સ હાથ ધરવામાં આવેલ છે. ડેન્ગ્યુના આ સીઝનમાં છુટાછવાયા કેસો મળતાં તંત્ર દ્વારા એન્ટી લારવેલની કામગીરી માટે ભારે દોડાદોડી કરવી પડી રહી છે.

મળતી વિગતો પ્રમાણે ફોગીંગ સહિતની કામગીરી ધીમી થતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. શહેરમાં ડેન્ગ્યુને લઈ પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જયશ્રી રામ

જયશ્રી ડભોડીયા હનુમાનજી દાદા

જયશ્રી રામ

જયશ્રી ડભોડીયા હનુમાનજી મંદિર, મુ. ડભોડા, તા.જી. ગાંધીનગર ખાતે તારીખ ૨૮/૧૦/૨૦૧૮ને શુક્રવાર - ધનતેરસની રાત્રે ૧૨-૦૦ વાગે મહાઆરતી સાથે મંદિરના દ્વારા ખૂલશે. જે તારીખ ૨૯/૧૦/૨૦૧૮ને શનિવાર - કાળીચૌદશની રાત્રે ૧૨-૦૦ વાગ્યા સુધી લોકમેળો ચાલશે. આ સમય દરમિયાન દર્શનાર્થીઓ શ્રી ડભોડીયા હનુમાનજી દાદાના દર્શનનો પવિત્ર લાભ લઈ શકશે.

નોંધ : કાળી ચૌદશની મહાઆરતી તારીખ ૨૮/૧૦/૨૦૧૮ને શુક્રવાર-ધનતેરશની રાત્રે ૧૨-૦૦ વાગે શરૂ થશે.
આ મહાઆરતીનું તા. ૨૮/૧૦/૨૦૧૮ને રાત્રે ૧૨-૦૦ વાગે 'સંદેશ ન્યુઝ ચેનલ' ઉપર મંદિર ખાતેથી લાઈવ પ્રસારણ કરવામાં આવશે. જે ઘેરબેઠા પણ નિહાળી શકાશે.

નૂતન વર્ષાભિનંદન
પોશીના તાલુકા
એફ. પી. એસ એસોસીયેશન
શ્રી ગુણવંતલાલ કે શાહ શ્રી આર.બી.પરમાર
પ્રમુખ ઉપપ્રમુખ
શ્રી ભિખુસિંહ વી ભાટી
મંત્રી
કમીટી સભ્યશ્રીઓ
શ્રી એસ.એન.ખેર | શ્રી આર.એલ.ગમાર
શ્રી આઈ.આઈ.મેમણ | શ્રી નરપતસિંહ દેવડા
શ્રી બી.એન.સોલંકી | શ્રી આર.જે.પંડ્યા
શ્રી કે.કે.ડાભી | શ્રી આઈ.એ.મેમણ
પોશીના તાલુકા દિનદયાલ ગ્રાહક ભંડારના
તમામ સંચાલકશ્રીઓ તરફથી નવા વર્ષની હાર્દિક શુભેચ્છા

હાર્દિક અભિનંદન

શ્રી રંગુસિંહ બી. સોલંકી

તલોદ નગરપાલિકા વોર્ડ નં. ૩ની પેટા ચૂંટણીમાં આપનો ભવ્ય વિજય થયો તે બદલ અમો સૌ આપને અંતઃકરણપૂર્વક અભિનંદન પાઠવીએ છીએ... આપ જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભકામનાઓ સહ....

● મહેન્દ્રસિંહ બારૈયા ● (ધારાસભ્યશ્રી, પ્રાંતિજ-તલોદ)
● મંગુભા ઝાલા ● (પ્રમુખ, તલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ)
● અમરસિંહ રૂપસિંહ ઝાલા ● (પ્રમુખ, તલોદ તાલુકા પંચાયત)
● અભેસિંહ જી. ઝાલા ● (ચેરમેનશ્રી, બાંધકામ સમિતિ, જિલ્લા પંચાયત, સાબરકાંઠા)
● કલ્પેશસિંહ સોલંકી ● (તલોદ તાલુકા ડેલીગેટ)
● ખોડભાઈ મેલાભાઈ દેસાઈ ● (પૂર્વ ઉપપ્રમુખ, તલોદ નગરપાલિકા)
● અરવિંદભાઈ પટેલ ● (વિરોધપક્ષ નેતા)
● પી. ડી. ઝાલા ● (અધ્યક્ષ, તલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ)
● કેદારસિંહ રાઠોડ ● (ઉપપ્રમુખ, તલોદ તાલુકા પંચાયત)
વિનુભાઈ છબાભાઈ પટેલ (પૂર્વ ચેરમેન, એ.પી.એમ.સી., તલોદ)
● રાજુભાઈ રાવલ ● (ઉપપ્રમુખ, જિલ્લા કોંગ્રેસ, સાબરકાંઠા)
● મોતીસિંહ રાઠોડ ● (કોંગ્રેસ કાર્યકર)
● નરેન્દ્રસિંહ સોલંકી ● (કોર્પોરેટર, તલોદ)
● બાબુભાઈ ગોપાળભાઈ પટેલ ● (સહકારી અગ્રણી)

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૦

Buddha's Education for I.A.S.
(નિઃશુલ્ક શૈક્ષણિક સેવા યજ્ઞ)
'શિક્ષણનું વ્યાપારીકરણ ભ્રષ્ટાચારનું મૂળ છે' - ગાંજાવાલા
સંસ્થા તરફથી નવા વર્ષના
નૂતન વર્ષાભિનંદન
Buddha's
Education for I.A.S.
-: Managed by :-
Alfa Education Academy
(Since : 2004)
Survey No. : 877, Kolvada - Vavol Road,
Opp. Charedi Medan, Ta. Dist. Gandhinagar
Contact No. 9228028012/13/14
Email : buddaedugnr@gmail.com
નિઃશુલ્ક એડમિશન ઓપન

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

હોલસેલના ભાવે રેટઈલમાં
આસ્વાદ મઠીયા
૩.૧૬૦/- Kg
રૂપલ કોમ્પ્યુટર
ચુકો બેંકની બાજુમાં, ઘ-૫, સેક્ટર-૧૬, ગાંધીનગર

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... ૩૫ મી વર્ષગાંઠ
તેની
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN®
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com